ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૫.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૭૬ ટકા

# શહેરમાં ડેન્ગ્યુ અને મેલેરીયાનો હાહાકાર

## વાઈરલ ફીવરના દર્દીઓ પણ અસંખ્ય જોવા મળી રહ્યા છે

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરમાં ડેન્ગ્યુ અને મેલેરીયા હાહાકાર મચાવી રહ્યા છે. પાટનગરમાં કુદકે ને ભુસકે વાહકજન્ય રોગચાળો વકરી રહ્યો છે. ઘરે ઘરે બિમારીના ખાટલા જોવા મળી રહ્યા છે. ત્યારે સિવિલના ચોપડે તો માત્ર છેલ્લા સપ્તાહમાં મેલેરીયાના ૫૧ અને ડેન્ગ્યુના ૬૦ કેસ નોંધાયા છે. ત્યારે મેલેરીયા-ડેન્ગ્યુ સહિત ચિકનગુનિયા, ટાઈફોઈડ તેમજ વાઈરલ ફીવરના દર્દીઓ પણ અસંખ્ય જોવા મળી રહ્યા છે. ત્યારે વાહકજન્ય રોગચાળાને કાબુમાં કરવા તંત્ર દ્વારા પણ મથામણ કરવામાં આવી રહી છે.

પાટનગરવાસીઓને કોરોનાની કળ વળી નથી, ત્યાં વાહકજન્ય રોગચાળાએ શહેરને અજગરી ભરડામાં લીધું છે. શહેરના સેકટરો ઉપરાંત ન્યુ ગાંધીનગરના સરગાસણ, કુડાસણ, રાંદેસણ, રાયસણ વિસ્તારમાંથી પણ રોજ અઢળક કેસ ડેન્ગ્યુ અને મેલેરીયા સામે આવી રહ્યા છે. શહેરની સિવિલ હોસ્પિટલની ઓપીડી તેમજ વોર્ડ દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. જયારે ખાનગી દવાખાના મોડીરાત સુધી ધમધમી રહ્યા છે. સાંજ ઢળતા જ દર્દથી કણસતા દર્દીઓની દવાખાના બહાર લાંબી લાઈનો લાગી હોય છે. શહેરની લેબોરેટરીમાં પણ ડેન્ગ્યુ, મેલેરીયા, ટાઈફોઈડ, સહિતના ટેસ્ટ કરાવવા માટે નાગરીકો દોટ મુકી રહ્યા છે. ઘરે ઘરે બિમારીના ખાટલા જોવા મળી રહ્યા છે. પાટનગરમાં મચ્છરોના ત્રાસ થી નાગરીકો આરોગ્ય સામે પણ ખતરો જોવા મળી રહ્યો છે. શહેરમાં વરસાદ વરસતો નથી, ઝરઝરમર વરસાદ વરસતા નગરમાં કાદવ-કિચડ થાય છે. ગંદકીને પગલે મચ્છરોનો ત્રાસ વધતા વાહકજન્ય રોગચાળાએ માથુ ઉંચક્યું છે. તંત્ર દ્વારા રોગચાળાને કાબુમાં કરવા માટે ફોંગીગ સહિતની કામગીરી ચાલી રહી છે. તંત્ર ના અધિકારીઓ વાહકજન્ય રોગચાળાને કાબુમાં કરવા માટે મથામણ કરી રહ્યા છે. તેમ છતા પાટનગરમાં ડેન્ગ્યુ અને મેલરીયા કેસ સતત વધી રહ્યા છે. તે ઉપરાંત ટાઈફોઈડ અને ચિકનગુનિયા સહિત વાઈરલ ફીવરના કેસ પણ ચિંતાજનક રીતે વધતા આરોગ્ય વિભાગ પણ ચિંતાગ્રસ્ત બન્યું છે.

# ભરતભાઈ પ્રજાપતિને રાજ્યકક્ષાનો શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ



ગાંધીનગર, તા. ૬

સદવિચાર પરિવાર વિકલાંગ પુનર્વાસ કેન્દ્રમાં પ્રાથમિક વિભાગમાં ફરજ બજાવતા શિક્ષક ભરતભાઈ પી. પ્રજાપતિને રાજયકક્ષાનો શ્રેષ્ઠ શિક્ષક-૨૦૨૧નો પારિતોષિક મળનાર છે. છેલ્લા ૩૦ વર્ષથી દિવ્યાંગજનોની સેવા સાથે ફરજ બજાવે છે. તેમણે ભારતમાં સૌ પ્રથમ હિમાલયના ભૃગુ શિખર ૧૪,૫૦૦ ફૂટ પર ૧૧૦ દિવ્યાંગ બાળકોને સફળતાપૂર્વક ટ્રેકિંગ કરાવ્યું હતું. આ સાહસિક પ્રવાસના કારણે દિવ્યાંગ બાળકોમાં મનોબળ મજબૂત થયેલ છે. અંતરિયાળ ક્ષેત્રના દિવ્યાંગ બાળકોને આ સંસ્થામાં ૧ થી ૧૨ ધોરણમાં દાખલ કરીને શિક્ષણ, નિવાસ, તાલીમ આપી પગભર કરેલ છે.



ગાંધીનગરના સેક્ટર-૪માં હનુમાનજી અને શનિદેવ મહારાજના મંદિર સામેના ઝુંપડાવાસીઓના અભ્યાસ કરતા બાળકોને સે-૨ સિનિયર સિટીઝન ગૃપ દ્વારા ફુલ સ્કેપ ચોપડા, માસ્ક અને નાના ભૂલકાઓને બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું જે કાર્યમાં નરેન્દ્રભાઈ ભાવસાર, વિનોદભાઈ મેણાત અને પ્રમોદભાઈ દવેએ ઉપસ્થિત રહી વિતરણની કામગીરી કરી હતી.

# સ્મિત મ્યુઝિક દ્વારા ઓનલાઈન ગણેશોત્સવ શો

ગાંધીનગર, તા. ૬

સ્મિત મ્યુઝિક ગણેશ ચતુર્થી નિમિત્તે ઓનલાઈન ગણેશોત્સવ ઉજવવાનું આયોજન કરેલ છે. જે તારીખ ૧૦થી ૨૧ દરમ્યાન રોજ રાત્રે ૮ વાગેથી 'ભરત ગજ્જર સ્મિત મ્યુઝિક' ફેસબુક ઉપર લાઈવ શો યોજાશે. જેમાં યુવા તેમજ સિનિયર જુનિયર મળી કલાકારોમાં રિશીરાજ, ચેતન, રિઝવાન, મહેશસિંહ, હિંમાંશુ પુરોહિત, આશરફખાન, શ્રવણભાઈ, મહેશભાઈ શાહ, નીરવ દવે, પ્રવીણભાઈ, ભરત પ્રજાપતિ, અતુલ દવે, સંજય ગાવડે, ધર્મેન્દ્ર ગજ્જર, અતુલભાઈ, ભરત વાણીયા, જશવંત જાદવ, પ્રકાશ ડોડીયા તેમજ ભરત ગજ્જર અને જ્યોતિ ગજ્જર રોજેરોજ યુવા મસ્તાને અને મુરકી મસ્તાને ટાઈટલથી પ્રસ્તુત થશે. જ્યોતિ ગજ્જરે સૌને આ કાર્યક્રમમાં જોડાવા આમંત્રણ આપ્યું છે.



અત્યારે પર્યુષણ પર્વ ચાલી રહ્યું છે અને શહેરના સે. ૨૨માં જૈન મંદિર ખાતે ચાતુર્માસ અર્થે બિરાજમાન રાષ્ટ્રીય સંત આચાર્ય પૂ.પદ્મસાગર સૂરીશ્વર મહારાજ સાહેબને આજે જૈનોના પવિત્ર 'કલ્પસુત્ર ગ્રંથ' વ્હોરાવવામાં આવ્યા બાદ આ ગ્રંથની પુજા કરવામાં આવી હતી.



સેકટર-૫માં વસાહત મંડળ દ્વારા મનપાના સહયોગથી અર્બન હેલ્થ સેન્ટર ખાતે આયોજિત કોવિડ વેક્સિનેશન કેમ્પમાં મોટી સંખ્યામાં ૧૮ વર્ષોથી વધુના તમામ વય જુથના સ્થાનિક વસાહતીઓએ વેક્સિનનો ડોઝ લીધો હતો. સદરહુ કાર્યક્રમ સફળ બનાવવા માટે વસાહત મંડળના હોદેદારો કેશરીસિંહ બિહોલા, કાનજીભાઈ દેસાઈ, ઘનશ્યામસિંહ ગોલ, વિનોદભાઈ ભટ્ટ, વાસુદેવભાઈ, બાબુભાઈ પટેલ, નટુભા જાડેજા, કનુભાઈ ત્રિવેદી વગેરેએ ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# સે-૧૨માં બલરામ મંદિરે પુસ્તક પરબમાં વાચકો ઉત્સાહથી જોડાયા



ગાંધીનગર, તા.૬

દર મહિનાના પ્રથમ રવિવારે યોજાતી પુસ્તક પરબ સપ્ટેમ્બર મહિનાની પરબ રવિવારના રોજ સેકટર-૧૨માં બલરામ મંદિર ખાતે યોજવામાં આવી હતી. આ પરબમાં વડીલો, યુવાઓ - વિદ્યાર્થીઓ, બહેનોએ પોતાની પસંદગીના પુસ્તક - મેગેઝિનનો લાભ લીધો હતો. પુસ્તક પરબને ૨૧૩ પુસ્તકો અને ૩૨ મેગેઝિનની આવક અને ૧૧૮ પુસ્તકો અને ૭૨ મેગેઝિનની જાવક થઈ હતી. કુલ અંદાજે ૪૩૫ પુસ્તક - સામયિકોનું આદાન- પ્રદાન થયું હતું.

પુસ્તક પરબ ટીમના અને અન્ય સહયોગીઓ અશોકભાઈ ત્રિવેદી, અજય ઉપાધ્યાય, ગજેન્દ્રસિંહ વાઘેલા, પ્રજ્ઞા પટેલ, રોહિણીબેન પરમાર, દિશાંત ગર્ગ, એન.પી. થાનકી, બિપીન ભટ્ટ, રેખાબેન ભટ્ટ વગેરેએ પોતાનું યોગદાન આપ્યું હતું.

# શાળા-કોલેજોમાં શિક્ષક દિનની ઉજવણી


## શાળાના વિદ્યાર્થીઓએ શિક્ષક-શિક્ષિકા બની વિવિધ વિષયોને આવરી શાળા શિક્ષણ કાર્ય સંભાળ્યું હતું

ગાંધીનગર, તા.૬

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણના જન્મદિન નિમિત્તે શહેરની વિવિધ શાળા અને કોલેજોમાં શિક્ષકદિનની ઉજવણી ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ શિક્ષક-શિક્ષિકા બની અદભુત અનુભવો મેળવ્યા હતા.

●●●

### એસ.વી. પ્રિ-સ્કૂલ



એસ.વી. ઈંગ્લિશ મીડિયમ પ્રિ-સ્કૂલમાં શિક્ષકદિનની ધામધૂમથી બે દિવસીય ઓનલાઈન ઉજવણી કરવામાં આવી હતી. પ્રિન્સિપાલ તથા શિક્ષિકાઓએ બાળકોને શિક્ષક દિનનું, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનું, શિક્ષકોનું અને માતા-પિતાનું મહત્વ સમજાવી તેમને આદર આપવાની શીખ આપી હતી. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ઓનલાઈન ઉજવણી કરી હતી.

●●●


### જે.બી. પ્રાથમિક શાળા



ધોરણ-૧ થીપના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન અને ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન/ઓફલાઈન શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના ૭૬ વિદ્યાર્થીઓએ શિક્ષકોની જવાબદારી સંભાળી સુંદર શિક્ષણ કાર્ય કર્યુ હતું. શાળાના આચાર્ય નીવાબેન પટેલે તે તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા અને કર્મનિષ્ઠ શિક્ષક બને તેવી શુભેચ્છા વ્યકત કરી હતી.

●●●

### ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં શિક્ષક દિન નિમિત્તે શાળાના વિદ્યાર્થીઓએ શિક્ષક-શિક્ષિકાઓ બની વિવિધ વિષયોને આવરી શાળા શિક્ષણ કાર્ય સંભાળ્યું હતું. શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓએ આ અદભૂત અનુભવોને રજૂ કરી અનેરો ઉત્સાહ મેળવ્યો હતો.

●●●

### સમર્પણ પબ્લિક સ્કુલ



સમર્પણ પબ્લિક સ્કુલ, સેકટર-૨૮ ખાતે શિક્ષક દિન ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ધો-૬ થી ૧૨ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં બધા વિદ્યાર્થીઓએ અલગ અલગ વિષયના શિક્ષક બનીને આ દિવસને યાદગાર બનાવ્યો હતો. જેમાં અંગ્રેજી માધ્યમ અને ગુજરાતી માધ્યમ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો આ સાથે અંગ્રેજી માધ્યમના આચાર્ય સુનિલ કુમાર કેસરી અને ગુજરાતી માધ્યમના આચાર્ય પાયલ આચાર્ય, શિક્ષક સ્ટાફ અને એડમિન સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

●●●

### પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ



શિક્ષક દિન નિમિત્તે કોલેજની કુલ ૫૦ જેટલી વિદ્યાર્થીનીઓએ આચાર્ય, અધ્યાપક, કલાર્ક, સેવિકા વગેરેની ભૂમિકા ભજવી હતી. તોરલ ઠાકોરે આચાર્યની ભુમિકા ભજવી હતી. તમામ શિક્ષક બનેલ વિદ્યાર્થીનીઓએ પોતાના અનુભવો વ્યકત કર્યા હતા. કોલેજના આચાર્ય ડૉ. એમ.એમ. ચૌધરીએ તમામને અભિનંદન આપી આર્શીવચન પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન મુન્નાબેન ચૌધરી, ગીતાબેન ચૌધરી, પ્રતિમાબેન છનિયારાએ કર્યુ હતું.

●●●

### રેડીયન્ટ સ્કૂલ



સરગાસણ સ્થિત રેડીયન્ટ સ્કૂલ ઓફ સાયન્સમાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ શિક્ષકની ભૂમિકા ભજવી શૈક્ષણિક કાર્ય કર્યું હતું. સંસ્થાના પ્રમુખ અને આચાર્યએ દરેકને 'શિક્ષક દિન'ની શુભકામનાઓ પાઠવી હતી. શિક્ષકની ભૂમિકા ભજવનાર તમામ વિદ્યાર્થીઓને સંસ્થા દ્વારા બોલપેન એનાયત કરીને પ્રોત્સાહિત કર્યા હતા.

●●●

### ગાયત્રી વિદ્યામંદિર લીહોડા



શાળાના વિદ્યાર્થીઓએ શિક્ષક દિનની ઉત્સાહપૂર્વક ઉજવણી કરી હતી તેમજ સામાજિક વિજ્ઞાન વિષયના શિક્ષિકા કૌશિકાબેન પટેલ દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટિક મિત્ર કે શત્રુ...?' વિષય પર નિબંધ સ્પર્ધાનું આયોજન કરી પ્રથમ ત્રણ નંબર મેળવનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહન પુરું પાડયું હતું.

●●●

### એસ.એસ.વી. શાળા



એક સારો શિક્ષક મીણબત્તી જેવો છે જે અન્ય લોકો માટે માર્ગ પ્રકાશિત કરવા માટે તેનો ઉપયોગ કરે છે. આ વર્ષે શાળામાં શિક્ષક દિન નિમિત્તે સ્પીચ, અલગ અલગ ચાર્ટ તૈયાર કરી ઓનલાઈન ઉજવણી કરી હતી. તેમજ શાળામાં શિક્ષકોનું પ્રિન્સિપાલ તેમજ શાળાના સંચાલક દ્વારા સન્માન કર્યું હતું.

●●●

### અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયો રિસર્ચ ઈન્સ્ટિટયુટ



અરીહંત સ્કુલ ઓફ ફાર્મસી એન્ડ બાયો રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટમાં શિક્ષક દિન નિમિત્તે શૈક્ષણિક અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રવૃત્તિના આયોજનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં શિક્ષક માટેની તેમની લાગણીઓ, કોલેજ દરમિયાન તથા તેની સાથે જોડાયેલા સંસ્મરણોને બધાની સમક્ષ સહજતાથી અભિવ્યક્ત કરી શકે તે હતો. સાંસ્કૃતિક કાર્યક્રમની શરૂઆતમાં કોલેજ ના ઉપાચાર્ય ડો.દિવ્યકાંત પટેલે પ્રાસંગિક ઉદબોધન આપતા શિક્ષક દિવસના તેમના સંસ્મરણો વાગોળ્યા તથા દરેક વિદ્યાર્થીઓનો આ મહામારી ભરેલા સમયમાં સહકાર આપવા બદલ દિલથી આભાર વ્યક્ત કર્યો હતો. વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષક દિવસ, આઝાદી દિવસ, દેશને લગતા વિષયો પર વ્યાખ્યાન તથા કવિતાઓ રજૂ કરાઈ. આ દિવસ ને યાદગાર બનાવા માટે વિદ્યાર્થીઓ એ શિક્ષકો માટે અનોખી રમતો નું આયોજન કર્યું હતું.

●●●

### ક્રિશ્ના સ્કૂલ ઓફ સાયન્સ



ક્રિશ્ના સ્કૂલ ઓફ સાયન્સ, શારદા વિદ્યાલય, બી.બી. પટેલ ઉ.મા. શાળા, રાજ સ્કુલમાં ઉત્સાહપૂર્વક શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ શિક્ષણ કાર્યમાં બાળ શિક્ષકો બનીને ઉત્સાહ દાખવ્યો હતો. શાળાના આચાર્ય પટેલ અશ્વિનભાઈએ બાળ શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા અને તેમના કાર્ય માટે પ્રોત્સાહીત કર્યા હતા.

●●●

### જે.એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય

શાળાના ૧૭ વિદ્યાર્થીઓએ શિક્ષક બની શૈક્ષણિક કાર્ય કર્યું હતું. વિદ્યાર્થીઓને શિક્ષક દિન વિશેનું મહત્વ ચંદ્રિકાબેન, શીતલબેન, મંજુલાબેને તથા આચાર્ય દ્વારા સમજાવવામા આવ્યું હતું. બાળકોએ ખૂબ જ ઉત્સાહથી શિક્ષણ કાર્ય કર્યુ હતું. શ્રેષ્ઠ શિક્ષકોના વિજેતાઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

●●●


### સરકારી ઈજનેરી કોલેજ




ગાંધીનગરની સરકાર ઈજનેરી કોલેજમાં એન.એસ.એસ. યુનિટ દ્વારા શિક્ષક-દિનનું આયોજન સોમવારે કરાયું હતું જેમાં સંસ્થાના વિધ્યાર્થીઓ અને સ્ટાફ મિત્રોએ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

●●●

### સરકારી વિજ્ઞાન કોલેજ




સરકારી વિજ્ઞાન કોલેજમાં શિક્ષક દિન નિમિત્તે યોજાયેલ કાર્યક્રમમાં સંસ્થાના આધારસ્તંભ એવા આચાર્ય ડો. એમ. જી. ભટ્ટ સરે વિદ્યાર્થીઓને શિક્ષકદિનનું માહાત્મ્ય સમજાવ્યું હતું અને વિવિધ ઈવેન્ટો ભાગ લેનાર ઉત્સાહી વિદ્યાર્થીઓને આવકાર્યા હતા. આ કાર્યક્રમ માં જ્ઞાન ધારા અન્વયે વિદ્યાર્થીઓએ શિક્ષક બની જુદા જુદા વિષયો ખૂબ સારી રીતે ભણાવ્યા હતા. રંગ કલા કૌશલ્યધારા અંતર્ગત વિદ્યાર્થીઓએ શિક્ષકો અંગેના સુવિચારો લખેલા સુશોભિત પ્લેકાર્ડ બનાવ્યા હતા. વિદ્યાર્થીઓના ગ્રૂપ દ્વારા પોતાના પ્રિય શિક્ષકો અંગેની ક્રીએટીવ બૂક તૈયાર કરવામાં આવેલ હતી તથા ઘણા વિદ્યાર્થીઓએ ટીચરના ફોટો સાથે તેમના નામ પ્રમાણે ના ગુણ દર્શાવતા કાર્ડ બનાવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના આચાર્ય ડો. એમ. જી. ભટ્ટના માર્ગદર્શન હેઠળ સપ્તધારા ના ચેરમેન ડો. કે.બી. પટેલે વિવિધ ધારાના કોઓર્ડીનેટરના સહકારથી સફળ રીતે કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ સક્રિયપણે ભાગ લઈ કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.


# જન્મદિને વધામણી



પરિમલ પટેલ
માહિતી મદદનીશ, જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગર
મો. ૯૮૨૫૩ ૨૩૮૦૮



જીનલ ચૌહાણ



પાયલ કમલેશભાઈ પરમાર



જૈમિન ઠાકોર
મો. ૯૭૨૭૪૦૧૦૭૪



ચિરાગ પી વ્યાસ
મો. ૯૮૨૫૫ ૫૭૯૬૭



શૈલેષ એ કાપડિયા
મો. ૯૬૩૮૭ ૪૫૯૬૯



રમ્ય એમ. જાદવ
મો. ૯૪૨૯૩ ૦૦૯૬૫



ડો. રાહુલ પટેલ



સુહાની હિમાંશુભાઈ ડાભી